ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

શ્રેષ્ઠ જીવન એને કહેવાય
જ્યારે
બીજા લોકો
આપણાથી ખુશ હોય

## જન્મદિને વધામણી



**અંબુસિંહ ગોલ**
ડિરેક્ટર
આકાશ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ.
હોટેલ પથિકાશ્રમ
આકાશ પેટ્રોલિયમ
ટ્રસ્ટી
શ્રી કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટ
મો. ૯૮૨૫૫ ૨૩૫૩૫



**એચ એલ સુથાર**
મો. ૯૭૨૪૫ ૧૦૭૪૨

## શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે આજથી સંસ્કૃત સંભાષણ વર્ગોનો આરંભ

ગાંધીનગર, તા. ૨

શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર ખાતે પંડિત શ્રી હિમાંશુ પંડ્યાના સંસ્કૃત સંભાષણ વર્ગો તા. ૩ ઑક્ટોબર ને મંગળવારથી ૧૫ ઑક્ટોબર સુધી સાંજે ૭.૩૦થી ૮.૩૦ દરમિયાન યોજાઈ રહ્યા છે. સંસ્કૃત ભાષા પ્રત્યે ઋચિ ધરાવનાર અને વર્ગોમાં જોડાવાની ઈચ્છા ધરાવતા દરેક નાગરિકે આ અંગેની વિશેષ જાણકારી માટે સંસ્થાના સદસ્ય ઓજસી પરમેશ્વરન (મો. ૯૪૨૯૯ ૧૪૮૬૪) અને પ્રદીપ ગેહલોત (મો. ૯૮૭૯૬ ૦૯૧૭૫)નો સંપર્ક કરવો એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# ફિઝીયોથેરાપી અને આયુર્વેદિક કેમ્પ યોજાયો







ગાંધી જયંતિ નિમિત્તે આયોજિત યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ફિઝીયોથેરાપી અને આયુર્વેદિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. કેમ્પ અંતર્ગત નિઃશુલ્ક દરે કસરત અને આયુર્વેદિક સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ટ્રસ્ટ તરફથી ઘ-૩ સર્કલખાતે કાપડની થેલી આપીને પ્લાસ્ટિકની થેલી ન વાપરવા માટે નાગરિકોને આગ્રહ કરવામાં આવ્યો હતો. ગાંધીજીના આદર્શોને અનુસરી નગરમાં સ્વચ્છતા જાળવવા સૌને અનુરોધ કરવામાં આવ્યો હતો.





ગાંધીનગર, તા. ૨

'સ્વચ્છતા હી સેવા'ના અભિયાનના ભાગરૂપે નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા ૧૫ સપ્ટેમ્બરથી બીજી ઑક્ટોબર દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વચ્છતા સિદ્ધિ સંકલ્પ, સ્વચ્છતા અભિયાન, શૌચાલય નિર્માણ જાગૃતિ અભિયાન, હૅન્ડવૉશ, સ્વચ્છતા સંબંધી ચિત્ર સ્પર્ધા, સૂત્રલેખન, તાલીમ વર્ગ-સ્કીલ ડેવલપમેન્ટ તાલીમની શરૂઆત, નિબંધ લેખન વગેરેનું આયોજન જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ કરવામાં આવ્યું હતું.

સોમવારે વિધાનસભા સંકુલ ખાતે ગાંધીજીની પ્રતિમાને અને યુથ હૉસ્ટેલ ખાતે ગાંધીજીની તસવીરને પુષ્પાંજલિ પણ અર્પવામાં આવી હતી. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, ઍકાઉન્ટન્ટ ભાનુભાઈ શાહ, ગૌતમ પરમાર, યુવા વૉલન્ટીયર્સની ટીમ - અંજલી પટેલ, જીગર ચૌહાણ, કુલદીપ ચૌહાણ, જિજ્ઞેશ, તરૂણ ડોડિયા, મીતેષ ગોસ્વામી, સૂરજ, વિધાનસભાના ઉપસચિવ પ્રદીપભાઈ મોદી, કસ્તૂરબા વિદ્યાલયનાં પ્રિન્સિપાલ ગાયત્રીબેન સોલંકી અને વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે મંગળવાર, તા. ૩ ઑક્ટોબરના રોજ અમદાવાદ ખાતે ઍલ ડી ઍન્જિનીયરિંગ કૉલેજ ખાતે પણ ૩૦૦ જેટલા કલાકારો ગાંધીજીવન અને તેમનાં મૂલ્યો આધારિત ચિત્રો તૈયાર કરશે. નહેરુ યુવા કેન્દ્ર તરફથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધાને અંતે વિજેતાઓના સન્માનનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# ડભોડા હાઈસ્કૂલમાં સમૂહ રાસ-ગરબાની રમઝટ જામી



ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ડભોડામાં એમ.એચ. વિદ્યામંદિર હાઈસ્કૂલમાં એક અનોખા સામુહિક રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ ડી. જે. સાઉન્ડના સંગીતના તાલે ગરબાની મજા માણી હતી. ગરબા મહોત્સવમાં વિશેષ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ખેલૈયાઓના આકર્ષક ગરબા જોઈને દર્શકો મંત્રમુગ્ધ બન્યા હતા. એકથી ત્રણ ક્રમ મેળવનાર ખેલૈયાઓને ગામના સરપંચ, ઠાકોર સેનાના કાર્યકરો, શાળાના સ્ટાફ દ્વારા પ્રોત્સાહનરૂપે રોકડ રકમ અને પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિજેતાની પસંદગી માટે શાળાના આચાર્ય અશોક મોદી, રમેશ સોલંકી તથા દલસંગભાઈ ચૌધરીએ નિર્ણાયક તરીકેની ભૂમિકા બજાવી હતી.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારના ગોઢ ગામમાં ૮૨ વૃદ્ધોને ૩ કિગ્રા ચોખાના પૅકેટ તથા બિસ્કીટનું વિતરણ કર્યું હતું. આ પૈકી ૧૨ વૃદ્ધોનાં ઘર પાસે પીપળના છોડનું આરોપણ પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સદ્રેશ્વર મહાદેવ પાસે ૪ ગામોનાં ૪૮ નિરાધાર બહેનોને ૩ કિગ્રા ચોખા ડૉ. સંગીતા ઘાટે અને ઉષા તટુના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

# એસ. જી. શાળાનું ગૌરવ



એસ.જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો ધોરણ-૪ ઈના વિદ્યાર્થી સૌરવકુમારે ખેલ મહાકુંભ અંતર્ગત અંડર-૧૪ ગોધરા ખાતે યોજાયેલ ૫૦ મીટર રેસમાં રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. વ્યાયામ શિક્ષક પટેલ ચંદ્રેશભાઈ, આશિષભાઈ તેમજ શાળાનાં આચાર્ય મિલી સિંઘે વિજેતા આ ખેલાડીને અભિનંદન આપી તેનો ઉત્સાહ વધાર્યો હતો.



**ડેઈલી કરંટ**
દર્શન મારૂ
95862 87447

(૧) રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મહારાષ્ટ્રના કયા શહેરના નવા એરપોર્ટનું તાજેતરમાં ઉદઘાટન કર્યું છે ?
(એ) શિરડી હવાઈમથક
(બી) મુંબઈ હવાઈમથક
(સી) નાગપુર હવાઈમથક
(ડી) સતારા હવાઈમથક

(૨) ૨૦૧૮માં વિશ્વના કયા દેશે ૪૫ હજાર શરણાર્થીઓને પોતાના દેશમાં શરણ આપવાનું નક્કી કર્યુ છે ?
(એ) સ્કૉટલૅન્ડ (બી) અમેરિકા
(સી) યમન (ડી) ઈંગ્લેન્ડ

(૩) કયા રાજ્યના પ્રસિદ્ધ પત્રકાર રાધિકા મોહન ભગવતીનું ૮૫ વર્ષે નિધન થયું છે ?
(એ) કેરલ (બી) કર્ણાટક
(સી) આસામ (ડી) તામિલનાડુ

(૪) ૨૦૧૭માં કયા રાજ્યમાં સંપૂર્ણરૂપે ચૂંટણીમાં મતદાન દરમિયાન વીવીપૅટનો પ્રથમવાર ઉપયોગ મોટા પ્રમાણમાં કરવામાં આવશે ?
(એ) ઉત્તરપ્રદેશ (બી) મધ્યપ્રદેશ
(સી) તામિલનાડુ (ડી) ગુજરાત

(૫) ૨૦૧૭માં વિશ્વ અહિંસા દિવસ ક્યારે મનાવાયો હતો ?
(એ) ૧ ઑક્ટોબર (બી) ૨ ઑક્ટોબર
(સી) ૩ ઑક્ટોબર (ડી) ૪ ઑક્ટોબર

(૬) તાજેતરમાં નિધન પામનાર પીઢ અભિનેતા ટૉમ ઑલ્ટરે બૉલીવૂડમાં પોતાની કેરિયરની શરૂઆત કઈ ફિલ્મથી કરી હતી ?
(એ) આગ (બી) નશા
(સી) ચરસ (ડી) અકેલા

(૭) તાજેતરમાં ત્રીજો ઈન્ડિયા-ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટીવલ ક્યાં યોજાઈ રહ્યો છે ?
(એ) દિલ્હી (બી) મુંબઈ
(સી) ચેન્નઈ (ડી) કોલકાતા

(૮) તાજેતરમાં ફેલોધ મહાત્મા કૂચનું આયોજન કયા દેશમાં કરાયું હતું?
(એ) જાપાન (બી) ફ્રાંસ
(સી) બ્રિટન (ડી) નેધરલેન્ડ

(૯) વિવાદાસ્પદ પ્લેબોય મેગેઝીનના કયા સ્થાપકનું તાજેતરમાં નિધન થવા પામ્યું છે ?
(એ) હ્યુડોનિસ્ટ હેકનર (બી) હ્યુરોલિસ્ટ હેકનર
(સી) હ્યુમીનટર હેકનર (ડી) હ્યુલીમી હેકનર

(૧૦) તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ભાષાંતર દિવસની ઉજવણી કઈ તારીખે કરવામાં આવી હતી ?
(એ) ૨૭ સપ્ટેમ્બર (બી) ૨૮ સપ્ટેમ્બર
(સી) ૨૯ સપ્ટેમ્બર (ડી) ૩૦ સપ્ટેમ્બર

# જેણે આજે આદતો બદલી છે તેની આવતીકાલ બદલાયેલી હશે



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

બદલાવાની મજા હોય છે. ગઈકાલે જે હતા તેનાથી આજે જુદા જ હોવાનો અહેસાસ મોજ આપે છે. જે વ્યક્તિ પોતાના વિચારોને નથી બદલી શકતા એ જીવનમાં કશું જ બદલી શકતા નથી. વૈચારિક વિશ્વના ફલકને સતત અને નિરંતર બદલતા રહેવું પડે. વિચારોના ઘોડાપુરને નવતર મોડ આપીને બદલાવ લાવવો પડે.

એ વાત પણ એટલી જ સાચી છે કે, બદલાવ લાવવા માટે અદબ પલાઠી વાળીને રાહ જોતાં બેસી ન રહેવાય. તમે બદલવા માટે રાહ જોતાં રહો એનાથી વધુ તેજ રફતારથી જીવનનો પ્રવાહ વહેતો જતો હોય છે. બદલાવા માટે એક એવા સંત, ફકીર, બાબા, ધર્મગુરુ, જ્ઞાની પંડીતની શોધમાં જો તમે હોવ અને તમને એમ લાગે કે ખરેખર તમારે તમારા જીવનને બદલવું છે, તો એક અદભુત વ્યક્તિત્વથી આજે જ તમારો પરિચય થવો જોઈએ. તમારે અત્યારે જ ઊભા થઈને તમારા ડ્રેસિંગ ટેબલના અરિસા સામે જઈને ઊભા રહી જવું જોઈએ અને સામે દેખાતા તમારા જીવનમાં બદલાવ લાવી શકે એવા જ્ઞાની વ્યક્તિને મળી લેવું જોઈએ. તમારા જીવનમા કોઈપણ વ્યક્તિ બદલાવ લાવી શકે એમ હોય તો એ વ્યક્તિ તમે સ્વયંમ જ છો. આ શક્તિ માત્ર તમારા પોતાનામાં જ છે.

વર્ષો પહેલાં આંધ્ર પ્રદેશથી મુંબઈ આવીને વસેલા એક પરિવારના બાળકની વાત યાદ આવે છે. કીંગ સર્કલ વિસ્તારની ઝુંપડપટ્ટીમાં મમ્મી પપ્પા સાથે રહેતો જોન બાળપણથી જ પ્રતિદિન કંઈક નવું કરવાની તમન્ના લઈને સવારે ઉઠતો. વરસાદના દિવસોમાં એની ઝૂંપડીમાં ઘૂંટણ સમાણા પાણી ભરાઈ જતાં. આવા સમયે પણ જોન ઘરના વાસણો બે હાથમાં લઈ છતમાંથી ટપકતી પાણીની ધાર વાસણમાં લેવા માટે શરીરની જુદી જુદી મુદ્રાઓ બનાવી આનંદ કરતો.

બાળપણમાંથી યુવાનીના ઉંબરે પગ મુકતાં ૧૭ વર્ષના જોને સ્ટેન્ડ-અપ કોમેડિયન તરીકે જુદા જુદા સ્ટેજ ઉપર કામ કરવાનું શરૂ કર્યું. ૧૮ વર્ષનો થતાં એના પિતાજીએ જોનને હિન્દુસ્તાન લીવર કંપનીમાં નોકરી ઉપર રખાવી દીધો. ત્યાં પણ નાનકડા જોને હિન્દુસ્તાન લીવર કંપનીની જુદી જુદી ઈવેન્ટમાં સ્ટેન્ડપ કોમેડી કરવાનું ચાલુ રાખ્યું. જુદા જુદા કલાકારોનો અવાજ અને એકટીંગની નકલ નાનકડો જોન બખુબી કરી જાણતો. લોકો જોનની કલાને ખૂબ બિરદાવતાં. હિન્દુસ્તાન લીવરની છ વર્ષની કામગીરીની કારકિર્દીમાં આ છોકરાને સૌથી મોટી ઉપલબ્ધી એને હિંદુસ્તાન લીવર કંપનીના નામ ઉપરથી ' લીવર ' ઉપનામની મળી. અને ૨૪ વર્ષ પછી એની જીંદગીમા આ છોકરો ઉપનામથી મશહુર બન્યો. 'જોન રાવ'ની જગ્યાએ 'જોની લીવર' તરીકે દેશ અને દુનિયામાં આ છોકરાએ કાઠુ કાઢ્યું. ૧૯૮૦માં જોની લીવરને ફિલ્મમાં પહેલો બ્રેક મળ્યો. પછી તો ૩૦૦થી વધારે ફિલ્મોમાં જોની લીવરે કામ કર્યું. શરૂઆતના દિવસોમાં એસ.ટી. બસ અને રેલ્વેના થર્ડ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરતો, ઝુપડપટ્ટીમાં રહેતો ગરીબ જોન રાવ. વિમાનોમાં ઉડતો, આલીશાન બંગલામાં રહેતો, લોકોને ખૂબ હસાવતો 'જોની લીવર' બની ગયો.

જોની લીવરના લગ્ન થયાં અને એક સરસ મજાનો દિકરો પણ ઈશ્વરે જોની લીવરને પરિવારમાં આપ્યો. એના ચાર-પાંચ વર્ષના નાનકડા દીકરાના ગળામાં ટ્યુમરની ગાંઠ દેખાઈ. જોની લીવરે ડોકટરોનો સંપર્ક કર્યો ત્યારે ડોકટરોએ કહ્યું નાનકડી ગાંઠ છે, ચિંતા ન કરો, ૧૫-૨૦ મિનીટનું નાનકડું ઓપરેશન કરીને એ દૂર કરી દઈશું. પણ જ્યારે ઓપરેશન થિયેટરમાં એના દીકરાની સર્જરી શરૂ કરવામાં આવી ત્યારે ડોકટરોએ જોયું કે, ટ્યુમરની ગાંઠ નસોના જાળામાં ફસાયેલી હતી. ઓપરેશન કરતાં જો કોઈ પણ નસ ભુલથી પણ કપાઈ તો છોકરો પેરેલાઈઝ થઈ જાય. જીવનભર અપાહીજ બની જાય. ડોકટરોએ જોખમ ન લીધું અને બાળકને ટાંકા મારી ઓપરેશન ન કર્યું.

થોડા દિવસો પછી એ ટ્યુમર ખૂબ મોટું થઈ ગયું. લીવર પરિવાર ઓપરેશન કરાવવાનું જોખમ લેવાનુ વિચાર શુધ્ધા નહોતા કરતા. જોની લીવર અને એનો પરિવાર વિદેશમાં જોનીના કોઈક કાર્યક્રમ સંબંધે ગયા ત્યારે રવિવારે ચર્ચમાં પ્રાર્થના દરમિયાન એક ભલા માણસે જોનીના દીકરાનુ ટ્યુમર જોઈને ન્યુયોર્કમાં કોઈક ડોકટરનું નામ આપ્યું અને કહ્યું ' તમારા દીકરાને ન્યુયોર્ક લઈ જાઓ. આ ડોકટર અવશ્ય એને સાજો કરી દેશે.' પરંતુ જોની લીવરના મનમાં અગાઉ ડોકટરોએ કહેલી જિંદગીભરના અપાહીજપણાની વાત ચીસો પાડીને ઓપરેશન કરાવવાની ના પાડતી હતી. ચર્ચમાં ભગવાન આગળ પ્રાર્થના કરતાં જોની લીવરે માથુ નમાવીને ક્રાઈસ્ટને પૂછ્યું ' તારી શું મરજી છે...? ઓપરેશન કરાવું કે નહીં...? ' અને અંતરાત્મામાંથી અવાજ આવ્યો 'જા બેટા, ઓપરેશન કરાવ. હું તારી સાથે છું.'

જોને દીકરાનુ ન્યુયોર્કના તબીબ પાસે ઓપરેશન કરાવ્યું. સર્જરી કામિયાબ રહી. જોની લીવરે કે જે પ્રતિદિન દોઢથી બે બોટલ શરાબ, ચાર પાકીટ સીગરેટ પીતો, અન્યને અપશબ્દો બોલતો અને અપમાનિત કરવાની ચાર કુટેવો છોડવાનો સંકલ્પ કર્યો. જોની લીવરને આ વાત ખૂબ અઘરી અને કઠીન લાગી. જ્યારે પણ શરાબની અને સિગરેટની તલપ લાગે ત્યારે મુઠ્ઠીઓ વાળીને સતત મનમાં રટણ કરતો કે, ' હે ઈશ્વર મને બદલાવાની શક્તિ આપ.' ધીમે ધીમે ચમત્કારનો અહેસાસ થવા લાગ્યો. હૃદયના ઊંડાણમાંથી પરમેશ્વરની શક્તિના સંચારનો અનુભવ થવા લાગ્યો. જોનીના ટ્રાન્સફોર્મેશનની પ્રક્રીયા આરંભાઈ ચુકી હતી.

'જોન રાવ'થી 'જોની લીવર'ની સફરમાં આવેલા અનેક બદલાવથી ઉપર ઉઠેલા જીવનના અનેક શેડની મજબુત કહાની છે. હાસ્ય કલાકારના જીવનમાં આવેલા ભયંકર બવંડરોમા બદલાવના ટંકારથી જીવનની નવતર પ્રભાતનો આહલાદ દેખાય છે. એક જાણીતા બોલીવુડના કલાકારની આ વાત ઉપરથી એટલું સ્પષ્ટ સમજાય છે કે, બદલાવ લાવવા માટેની ઘટના કોઈપણ હોઈ શકે પણ બદલવા માટેની શક્તિ તો સ્વયં વ્યક્તિમાં જ રહેલી છે. જરૂર છે બદલાવા માટેની તૈયારીની અને નિષ્ઠાની.

જગ વિખ્યાત જાણીતા ચિંતક અને લેખક હેન્રી ડેવીડ થોરોના મતે વિશ્વની વસ્તુઓ અને તાસીર ક્યારેય બદલાતી નથી, બદલાવ તો આપણામાં આવતો હોય છે. જેણે પણ પોતાની આદતો બદલી છે તેની આવતી કાલ હંમેશા બદલાયેલી હોય છે. આવા વ્યકિની આવતીકાલ હમેશા જાગતી હોય છે. જેણે આદતો નથી બદલી એની માટે આવતી કાલ આવતી જ નથી. એની માટે ફક્ત આજ જ હોય છે. માણસ પોતે જેવું વિચાર છે એવું જ બનતું હોય છે. જે પોતાની જાતને કમજોર સમજે છે એ હંમેશા નબળો જ હોય છે. જે પોતાને તાકાતવાળો સમજે છે એ શક્તિશાળી જ હોય છે.

**ધબકાર**

એ વ્યક્તિ સૌથી દુઃખી હોય છે, જે બદલાવથી હંમેશા ડરતો હોય છે.
- મિનોન મૈકલોલીન (જાણીતા અમેરિકન પત્રકાર અને લેખક)

